...ાણી : સેન્ટ્રલ પ્રેસીડેન્ટ
...astructure,
...Char Rasta,
..., Dist. Surat
...22 271046, (R) 271916, (Fax) 271450,
Mo. 097122 99000,
Email: gaurang009@yahoo.com

॥ सनातन परमो धर्म ॥

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR

YUVASANGH

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જી. ભુજ (કચ્છ) -૩૭૦ ૬૧૫

2010-2012

હરેશ રામાણી : જનરલ સેક્રેટરી
Laxmi Stone & Hardware Mart,
M.G. Road, Sardar Baug, Bardoli-394 602,
Dist. Surat
Ph. 02622 220711, 220830 (Telefax)
Mo. 098251 33404,
Email: hareshbardoli@yahoo.in

Office:- 381/2, Opp. Tower, B/h.H.K.Complex, Naroda Road,Saijpur, Ahmedabad- 382345. Ph.:- 079-22801565 Fax:-22841565
E-mail : kkpyuvasangh@in.com
www.yuvasangh.org
KKPYS Regd. No. A/3864/A'bad

॥ પરમ ચેતન્યની નિષ્ઠામાં ॥

KKPYS2010-12SS12
તા.: ૩૦-૦૧-૨૦૧૧
પ્રતિશ્રી,
પાટીદાર સંદેશ

પ્રમુખશ્રી તથા તંત્રીશ્રી અને યુથ સોસાયટી સભ્યશ્રીઓ,

વિષય:- **સમાજના સામયિક તરીકે છાપ ઊભી કરી પોતાની અંગત મથરાવટી કે જેને વૈચારીકક્રાન્તિના નામે પ્રસારીત કરાય છે. જેના વડે અમુક લોકો ગેરમાર્ગે દોરી એક્તાને નામે ખોટા પ્રશ્નો ઊભા કરે છે. તેને ઉદ્દેશીને આ વિચાર મંથન પ્રસારીત કરીએ છીએ. આ પત્રને આધારે જ્ઞાતિની સામાજીક અને આધ્યાત્મિક એક્તા માટે ચિંતન કરવા સૌને અપીલ. આવો સાથે મળી સનાતન વૈચારીકક્રાન્તિનાં મંડાણ કરીએ... "અભાકકપા યુવાસંઘ"**

આદર સહ જણાવવાનું કે,

૧. **સમાજની અને જ્ઞાતિની ભૂમિકા સમજો:-** આપશ્રીએ કેન્દ્રીય સમાજની ભૂમિકાને પૂરેપૂરી સમજ્યા કે જાણ્યા વગર કે સમાજની મૂળ વિચારધારા, સ્થાપના વખતના વડીલોના પ્રવચનો-દિશા આદેશો વગેરે દષ્ટિકોણને આપશ્રીએ ધ્યાનમાં લીધેલ નથી, જે આપના તંત્રી લેખમાં જણાઇ આવે છે. આપના પર ખોટી છાપ હોઇ ભળતા વ્યક્તિઓની અસર તમને વર્તાય છે. કોણ-કેવી-કઇ વ્યક્તિ છે, તેનો અંગત સ્વાર્થ કઇ તરફનો છે, કેટલા ઇતિહાસથી અને સમાજની નિતિથી વાકેફ છે. તેઓ બિચારા, પૂરી સમજ વગર સત્પંથનું અનુમોદન કરે તેવો વર્ગ તો આટલા મોટા સમાજમાં રહેવાનો જ.

૨. **જ્ઞાતિમાં વિવાદનું મૂળ કારણ સત્પંથ અને સૈધાંતિક તા:-**વિવાદનું મૂળ કારણ ધર્મ છે આપ સાચું જ લખો છો તેથી સમાજમાં ધર્મને કોરાણે મૂકાશે નહિં. તે કારણે ૫૦૦વર્ષ પૂર્વે ઊંઝાના આપણા જ ભાઇઓએ તગેડ્યા,મધ્ય ગુજરાતની કિંમતી જમીનો અને વિકાસ ખોયો. ધર્મ વ્યક્તિગત બાબત ભલે હોય પણ સમાજમાં એક જ આચરણ રહી શકે, બે રહે તો સૈધાંતિક ઝઘડા થવાના. સત્પંથ હિંદુ છે કે નહિં તે હાલ પ્રશ્ન જ નથી. તેને ત્યજવો તે જ મૂળ વાત હતી અને છે, આજે એજ વાત છે. ઇમામશાહ અને સત્પંથ છોડવો તે પૂર્વજોનો આદેશ હતો. તે રહે, તો **Merit** (ગુણદોષ)ના ઝઘડા રહેવાના જ. સત્પંથનો સુધારો કોઇને માન્ય નથી, હિન્દુત્વની ઓથમાં છેતરામણી લાલચ છે. સત્પંથ હિન્દુ હોય તો દાવા કરી સાબિતિ આપવાની કેમ જરૂર પડે? તેઓ હિન્દુ લેબલ માટે કેમ વલખાં મારે છે? કંઇક તો અજુગતું છે જ. તેઓ મુસ્લીમ થઇ જશે તેવો સંશય અથવા કેટલાંક સ્વાર્થથી હિન્દુ સંગઠનો, આચાર્યો, સંતો તેઓને પંપાળે છે.

3. **Merit કે ઔચિત્યને સમજીએ:-** Merit કે ઔચિત્યમાં પડ્યા વગર આપની જેમ અન્ય કેટલાક પોતાને બુધ્ધિશાળી ગણાવી **Merit**માં નહિં જવાની દરકારથી સત્પંથ વિવાદ સમજી શક્યા નથી. આ મુદ્દે પૂર્વજોએ ફક્ત **Merit** (ગુણદોષ)ને જ જોયું નહિંતર તેની પાસે બહુમત હતો જ નહિં. ૨૨૫વર્ષ પહેલાં કેસરા પરમેશ્વરા જેવા એક બે ઝંડો ઉપાડનાર હતા. ૯૦વર્ષનાં લાબાં વહાંણા વહ્યાં પછી આદ્યસુધારક નારાણબાપા એકલવીર હતા, તેમને પાછલી ઉંમરે પાચ-પંદરેક જણે જ સાથ આપ્યો, ત્યારે પણ બહુમત તો નહોતો.! તે વખતે પણ **Merit**ને જ પ્રાધાન્ય અપાયું.

૪. **ધન્ય છે સમાજના હાલના કર્ણધારોને:-** તેમની નજીકના નો વિવાદ છતાં **Merit**ને જ સ્થાન આપ્યું. હમેશાં વિવાદની આરંભની અને હાલની સ્થિતિ **Merit** કે ઔચિત્યથી જ જોવી પડે, નહિંતર આમ થયું.. ને તેમ થયું.. તેમાં જ ગુંચવાઇ જવાય. આમેય રાષ્ટ્ર કે સમાજને દોરનારો વર્ગ સિમિત જ હોય. કોઇ સત્યતાની લાંબી મંજીલની શરૂઆત એકાદ બેથી જ થતી હોય છે. પછી **Merit**(ગુણદોષ)ના આધારે જ બહોળા લોકો જોડાય છે. કેમ સત્પંથમાં સંખ્યા ઘટતી ગઇ...?

૫. **જે ધર્મને પૂર્વજોએ બાકાત કર્યો:-** તેથી જ જ્ઞાતિના ભાગલા થયા, **Merit** સમજો સમાજની વૈચારીકક્રાન્તિની દીશા નાં બદલો. સત્પંથ યોગ્ય છે સમાજમાં તે રહેવો જોઇએ જે જ્ઞાતિની મૂળ ધારા વિરૂધ્ધ વાતો-લખાણોથી તેવો અર્થ થતો હોવાથી ખોટાં વમળો પેદા કરી રહ્યા છે. જો આવી દલીલો સાચી હોય તો પૂર્વજો ખોટા કહેવાય. કેન્દ્રીય સમાજ સત્પંથની અંધશ્રધ્ધામાં માનતા જ્ઞાતિજનોને બહાર કાઢવાના પ્રયાસોમાં છે. સત્પંથ, ઇમામશાહ, નિષ્કલંકીનો હિન્દુ શાસ્ત્રો-પરંપરામાં ઉલ્લેખ જ નથી. હિન્દુને નામે ભોળવણી જ છે. તેમાંથી નીકળી જવું તે જ પૂર્વજોનો આદેશ હતો, હવે જો તે રહે તો **Merit**(ગુણદોષ)ના ઝઘડા થતા જ રહેવાના.

૬. **યુવાસંઘનું મંથન અને ફરજ:-** યુવાસંઘને વિકાસ કે સંસ્કાર ઘડતરમાં જ રસ છે. જ્ઞાતિના કપરા સમયે સમાજનાં અભિન્ન અંગ એવા યુવાસંઘે ઘણુંજ મંથન કરી સ્પષ્ટ રાહ અખત્યાર કર્યો. કેન્દ્રીય સમાજને ધ્યાન પર લાવી વિનંતી કરી કે હવે મૂળ ઉદ્દેશ્ય અંગે સ્પષ્ટ નીતિ અખત્યાર કરવી તે તાતી જરૂર છે. યુવાસંઘની આ અરજ પર સમાજને ઉંડાણથી વિચારવાની જરૂરત જણાઇ. તેથી સમાજ કે યુવાસંઘની ભૂમિકામાં કોઇ જ અંતર નથી. ગમે તેવું લખી જ્ઞાતિના માનસમાં ગેરસમજ કરવાનો પ્રયત્ન હરગીજ યોગ્ય નથી. **આપના લેખો અને મવાળોની વાતોના કારણે જ વારંવાર ખુલાસા કરવા પડે છે જેની નોંધ લેવી**. સત્યતા અને એકતા તૂટે નહિં તે અર્થે જ ધ્યાન દોરેલ છે.

Social & Spiritual Samiti

Jayanti K. Lakdawala
Convenor

Vallabh K. Maiyat
Central PDO

Premji Keshrani
Administrator

શિક્ષણ-પ્રતિભાશોધ · સામાજિક-આધ્યાત્મિક · રમત-ગમત · યુવા ઉત્કર્ષ · પ્રચાર-પ્રસાર · આરોગ્ય · રાજકીય જાગૃતિ · કૃષિ-પર્યાવરણ

Leadership lead with purpose
live with passion

• Education & Health • Business & Career
• Political & Leadership • Social & Spiritual

MISSION 2020
SHREE A.B.K.K.P. YUVASANGH

"જ્ઞાન, શીલ, એકતા એજ યુવાસંઘની વિશેષતા"

2011-01-30 -YuvaSangh to Patidar Sandesh (699)

॥ सनातन परमो धर्म ॥

ગૌરાંગ ધનાણી : સેન્ટ્રલ પ્રેસીડેન્ટ
Kalyani Infrastructure,
Kadodara Char Rasta,
Ta. Palsana, Dist. Surat
Ph. (O) 02622 271046, (R) 271916, (Fax) 271450,
Mo. 097122 99000,
Email: gaurang009@yahoo.com

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR
YUVASANGH
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જી. ભુજ (કચ્છ) -૩૭૦ ૬૧૫
2010-2012

હરેશ રામાણી : જનરલ સેક્રેટરી
Laxmi Stone & Hardware Mart.
M.G. Road, Sardar Baug, Bardoli-394 602,
Dist. Surat
Ph. 02622 220711, 220830 (Telefax)
Mo. 098251 33404,
Email: hareshbardoli@yahoo.in

Office:- 381/2, Opp. Tower, B/h.H.K.Complex, Naroda Road,Saijpur, Ahmedabad- 382345. Ph.:- 079-22801565 Fax:-22841565
E-mail : kkpyuvasangh@in.com www.yuvasangh.org KKPYS Regd. No. A/3864/A'bad

<u>॥ પરમ ચેતન્યની નિષ્ઠામાં ॥</u>

KKPYS2010-12SS12
તા.: ૩૦-૦૧-૨૦૧૧
પ્રતિશ્રી,
પાટીદાર સંદેશ

પ્રમુખશ્રી તથા તંત્રીશ્રી અને યુથ સોસાયટી સભ્યશ્રીઓ,

વિષય:- **સમાજના સામયિક તરીકે છાપ ઊભી કરી પોતાની અંગત મથરાવટી કે જેને વૈચારીકક્રાન્તિના નામે પ્રસારીત કરાય છે. જેના વડે અમુક લોકો ગેરમાર્ગે દોરી એક્તાને નામે ખોટા પ્રશ્નો ઊભા કરે છે. તેને ઉદ્દેશીને આ વિચાર મંથન પ્રસારીત કરીએ છીએ. આ પત્રને આધારે જ્ઞાતિની સામાજીક અને આધ્યાત્મિક એક્તા માટે ચિંતન કરવા સૌને અપીલ. આવો સાથે મળી સનાતન વૈચારીકક્રાન્તિનાં મંડાણ કરીએ... "અભાકકપા યુવાસંઘ"**

આદર સહ જણાવવાનું કે,

૧. **સમાજની અને જ્ઞાતિની ભૂમિકા સમજો:-** આપશ્રીએ કેન્દ્રીય સમાજની ભૂમિકાને પૂરેપૂરી સમજ્યા કે જાણ્યા વગર કે સમાજની મૂળ વિચારધારા, સ્થાપના વખતના વડીલોના પ્રવચનો-દિશા આદેશો વગેરે દષ્ટિકોણને આપશ્રીએ ધ્યાનમાં લીધેલ નથી, જે આપના તંત્રી લેખમાં જણાઇ આવે છે. આપના પર ખોટી છાપ હોઇ ભળતા વ્યક્તિઓની અસર તમને વર્તાય છે. કોણ-કેવી-કઇ વ્યક્તિ છે, તેનો અંગત સ્વાર્થ કઇ તરફનો છે, કેટલા ઇતિહાસથી અને સમાજની નિતિથી વાકેફ છે. તેઓ બિચારા, પૂરી સમજ વગર સત્પંથનું અનુમોદન કરે તેવો વર્ગ તો આટલા મોટા સમાજમાં રહેવાનો જ.

૨. **જ્ઞાતિમાં વિવાદનું મૂળ કારણ સત્પંથ અને સૈધાંતિક તા:-**વિવાદનું મૂળ કારણ ધર્મ છે આપ સાચું જ લખો છો તેથી સમાજમાં ધર્મને કોરાણે મૂકાશે નહિં. તે કારણે ૫૦૦વર્ષ પૂર્વે ઊંઝાના આપણા જ ભાઇઓએ તગેડ્યા,મધ્ય ગુજરાતની કિંમતી જમીનો અને વિકાસ ખોયો. ધર્મ વ્યક્તિગત બાબત ભલે હોય પણ સમાજમાં એક જ આચરણ રહી શકે, બે રહે તો સૈધાંતિક ઝઘડા થવાના. સત્પંથ હિંદુ છે કે નહિં તે હાલ પ્રશ્ન જ નથી. તેને ત્યજવો તે જ મૂળ વાત હતી અને છે, આજે એજ વાત છે. ઇમામશાહ અને સત્પંથ છોડવો તે પૂર્વજોનો આદેશ હતો. તે રહે, તો **Merit** (ગુણદોષ)ના ઝઘડા રહેવાના જ. સત્પંથનો સુધારો કોઇને માન્ય નથી, હિન્દુત્વની ઓથમાં છેતરામણી લાલચ છે. સત્પંથ હિન્દુ હોય તો દાવા કરી સાબિતિ આપવાની કેમ જરૂર પડે? તેઓ હિન્દુ લેબલ માટે કેમ વલખાં મારે છે? કંઇક તો અજુગતું છે જ. તેઓ મુસ્લીમ થઇ જશે તેવો સંશય અથવા કેટલાંક સ્વાર્થથી હિન્દુ સંગઠનો, આચાર્યો, સંતો તેઓને પંપાળે છે.

3. **Merit કે ઔચિત્યને સમજીએ:-** Merit કે ઔચિત્યમાં પડ્યા વગર આપની જેમ અન્ય કેટલાક પોતાને બુધ્ધિશાળી ગણાવી **Merit**માં નહિં જવાની દરકારથી સત્પંથ વિવાદ સમજી શક્યા નથી. આ મુદ્દે પૂર્વજોએ ફક્ત **Merit** (ગુણદોષ)ને જ જોયું નહિંતર તેની પાસે <u>બહુમત હતો જ નહિં.</u> ૨૨૫વર્ષ પહેલાં કેસરા પરમેશ્વરા જેવા એક બે ઝંડો ઉપાડનાર હતા. ૯૦વર્ષનાં લાબાં વહાંણા વહ્યાં પછી આદ્યસુધારક નારાણબાપા એકલવીર હતા, તેમને પાછલી ઉંમરે પાચ-પંદરેક જણે જ સાથ આપ્યો, <u>ત્યારે પણ બહુમત તો નહોતો</u>.! તે વખતે પણ <u>**Merit**ને જ પ્રાધાન્ય</u> અપાયું.

૪. **ધન્ય છે સમાજના હાલના કર્ણધારોને:-** તેમની નજીકના નો વિવાદ છતાં **Merit**ને જ સ્થાન આપ્યું. હમેશાં વિવાદની આરંભની અને હાલની સ્થિતિ **Merit** કે ઔચિત્યથી જ જોવી પડે, નહિંતર આમ થયું.. ને તેમ થયું.. તેમાં જ ગુંચવાઇ જવાય. આમેય રાષ્ટ્ર કે સમાજને દોરનારો વર્ગ સિમિત જ હોય. કોઇ સત્યતાની લાંબી મંજીલની શરૂઆત એકાદ બેથી જ થતી હોય છે. પછી **Merit**(ગુણદોષ)ના આધારે જ બહોળા લોકો જોડાય છે. કેમ સત્પંથમાં સંખ્યા ઘટતી ગઇ...?

૫. **જે ધર્મને પૂર્વજોએ બાકાત કર્યો:-** તેથી જ જ્ઞાતિના ભાગલા થયા, **Merit** સમજો સમાજની વૈચારીકક્રાન્તિની દીશા નાં બદલો. સત્પંથ યોગ્ય છે સમાજમાં તે રહેવો જોઇએ જે જ્ઞાતિની મૂળ ધારા વિરૂધ્ધ વાતો-લખાણોથી તેવો અર્થ થતો હોવાથી ખોટાં વમળો પેદા કરી રહ્યા છે. જો આવી દલીલો સાચી હોય તો પૂર્વજો ખોટા કહેવાય. કેન્દ્રીય સમાજ સત્પંથની અંધશ્રધ્ધામાં માનતા જ્ઞાતિજનોને બહાર કાઢવાના પ્રયાસોમાં છે. સત્પંથ, ઇમામશાહ, નિષ્કલંકીનો હિન્દુ શાસ્ત્રો-પરંપરામાં ઉલ્લેખ જ નથી. હિન્દુને નામે ભોળવણી જ છે. તેમાંથી નીકળી જવું તે જ પૂર્વજોનો આદેશ હતો, હવે જો તે રહે તો **Merit**(ગુણદોષ)ના ઝઘડા થતા જ રહેવાના.

૬. **યુવાસંઘનું મંથન અને ફરજ:-** યુવાસંઘને વિકાસ કે સંસ્કાર ઘડતરમાં જ રસ છે. જ્ઞાતિના કપરા સમયે સમાજનાં અભિન્ન અંગ એવા યુવાસંઘે ઘણુંજ મંથન કરી સ્પષ્ટ રાહ અખત્યાર કર્યો. કેન્દ્રીય સમાજને ધ્યાન પર લાવી વિનંતી કરી કે હવે મૂળ ઉદ્દેશ્ય અંગે સ્પષ્ટ નીતિ અખત્યાર કરવી તે તાતી જરૂર છે. યુવાસંઘની આ અરજ પર સમાજને ઉંડાણથી વિચારવાની જરૂરત જણાઇ. તેથી સમાજ કે યુવાસંઘની ભૂમિકામાં કોઇ જ અંતર નથી. ગમે તેવું લખી જ્ઞાતિના માનસમાં ગેરસમજ કરવાનો પ્રયત્ન હરગીજ યોગ્ય નથી. **આપના લેખો અને મવાળોની વાતોના કારણે જ વારંવાર ખુલાસા કરવા પડે છે જેની નોંધ લેવી**. સત્યતા અને એક્તા તૂટે નહિં તે અર્થે જ ધ્યાન દોરેલ છે.

Page 1 Of 4

Social & Spiritual Samiti

Jayanti K. Lakdawala
Convenor

Vallabh K. Maiyat
Central PDO

Premji Keshrani
Administrator

2011-01-30 -YuvaSangh to Patidar Sandesh (699)

ગૌરાંગ ધનાણી : સેન્ટ્રલ પ્રેસીડેન્ટ
Kalyani Infrastructure,
Kadodara Char Rasta,
Ta. Palsana, Dist. Surat
Ph. (O) 02622 271046, (R) 271916, (Fax) 271450,
Mo. 097122 99000,
Email: gaurang009@yahoo.com

॥ सनातन परमो धर्म ॥

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR YUVASANGH

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

2010-2012

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જી. ભુજ (કચ્છ) -૩૭૦ ૬૧૫

હરેશ રામાણી : જનરલ સેક્રેટરી
Laxmi Stone & Hardware Mart,
M.G. Road, Sardar Baug, Bardoli-394 602,
Dist. Surat
Ph. 02622 220711, 220830 (Telefax)
Mo. 098251 33404,
Email: hareshbardoli@yahoo.in

Office:- 381/2, Opp. Tower, B/h.H.K.Complex, Naroda Road,Saijpur, Ahmedabad- 382345. Ph.:- 079-22801565 Fax:-22841565
E-mail : kkpyuvasangh@in.com www.yuvasangh.org KKPYS Regd. No. A/3864/A'bad

૭. **શ્વેતપત્રની ગહનતા:-** શ્વેતપત્રના પ્રથમ પેરામાં કેન્દ્રીય સમાજનાં ઉંડાણ અને ગંભીરતાને આપે ધ્યાને લીધેલ નથી અથવા ગહનતા પૂર્વક્નું શ્વેતપત્રનું પૂરૂં વાંચન અને અધ્યન પણ આપનું નથી જણાતું. મિથ્યાભિમાનથી મનગમતું લખી પોતાનો જ આત્મસંતોષ કરવો તે નરી આત્મશ્લાધા માત્ર છે. હજુ પણ વિપરીત અર્થો કરી આ પત્ર વિશે કે સમાજની વિચારધારા ઉદ્દેશ્ય અંગે નકારાત્મકતા ઊભી કરશો તો તે હવે આપના હિતમાં નહિં જ હોય. આતો વૈચારીક્રાન્તિની આડમાં આપની(**પાટીદાર સંદેશની**) પણ ક્યાંક ક્ષતિઓ થતી હશે, તેની પ્રતિતી કોઇ કરાવે તો તેની સામે દ્વેશભાવ ન રાખવાનું ઔચિત્ય જરૂર દાખવશો. કેન્દ્રીય સમાજે દરેક પરિપ્રેક્ષયને જાણી-ચકાસી શ્વેતપત્ર જારી કરેલ છે.

૮. **અમલીકરણની જવાબદારી સોંપી અલિપ્ત થઇ ગયા:-** "કેન્દ્રીય નેતૃત્વ માત્ર ઠરાવો કરી અમલીકરણની જવાબદારી સોંપી અલિપ્ત થઇને બેઠું છે"તેવી આપની ટીપ્પણી કેટલે અંશે યોગ્ય ગણાય...! યુવાસંઘ અને દરેક સમાજ ઝોનને આ કાર્ય સોંપેલ છે. ઝોન કે સ્થાનીક સમાજમાં કેન્દ્ર દખલ કરે તે બાબત નિતિવિષયક રીતે યોગ્ય નથી. એકાદ બે હોદ્દેદાર કે ટ્રસ્ટી કદાચ સમાંત્તર કોઇ વાતો કરે તેને સમજ્યા વગર એકરૂપતા નથી તેવું લખવું તે પણ યોગ્ય નથી જ.

૯. **પધ્ધતિ અને વાસ્તવિક રીત સમજો:-** જો આદેશોમાં નિષ્ક્રીયતા હશે તો કેન્દ્ર વિચારશે અથવા મદદની જરૂર હશે તો સહયોગ કરાશે. જે માળખાંગત કાર્ય પ્રણાલીની સુચારૂ પધ્ધતિ કહેવાય. જેનું જ્ઞાન મુખપત્રને હોવું જરૂરી બને છે. ૨૯ સમાજ ઝોન અને ૧૭ યુવાસંઘ રીજીયનના કાર્યકર્તાથી નેતાઓની સંખ્યા વધે તે સામાન્ય વાત પણ આ મુખપત્રને સમજાઇ નથી. લોકશાહી પધ્ધત્તિ વડે નિમાયેલ હોદ્દેદારોને "બની બેઠેલા" નેતા કહેવા તે શું સૌનું અપમાન નાં ગણાય...? જેથી આપની હરકતો ચિંતન અને અભ્યાસ વિહોણી કહી શકાય જે સમાજમાં વૈમન્યસ્ય ઊભું કરે છે.

૧૦. **નેતૃત્વનો માપદંડ અને વ્યાપથી લાભ:-** ઝોન નિર્માણ થકી વધુ લીડરશીપ મળી તે નિર્વિવાદ બાબત છે. જે જ્ઞાતિએ તેમજ મુખપત્રોએ સ્વીકારેલ છે. વૈચારીકક્રાન્તીનાં માધ્યમને એકતાની ચિંતા હશે, તેથીયે વિશેષ સમાજની ત્રણે પાંખના કર્ણધારોને છે જ. સમાજનું હિત અને ફરજ બધા જ સમજે છે. આવી બાબતોથી અજાણ કેટલાક કાર્યકર્તાની કોઇ ચોખવટમાં કે ખુલાસામાં કદાચ ભેદ હોઇ શકે. સમાજના સિધ્ધાંતો-ઉદ્દેશ્યો સમજ્યા વગરના અનુમાનોથી વજૂદ વિહોણા ઉકેલની વાતોથી હજુ પણ જ્ઞાતિને વૈચારીકક્રાન્તિના વમળથી ભ્રમિત કરવી કેટલા અંશે યોગ્ય છે...!

૧૧. **ઉદારનીતિનો દુરૂપયોગ:-** કેન્દ્રીય સમાજના ૪૨વર્ષ સુધીના પ્રમુખોએ સત્પંથના કાર્યક્મો કે આયોજનોમાં હરગીજ ભાગ લીધો નથી, તેથી સમાજની દિશા કઇ છે તે કહેવાની જરૂર જ નથી, જેની નોંધ લેવી ઘટે. પ્રતિબંધો હોવા છતાં હોદ્દેદારોએ સમાજના ઉદ્દેશ્યોથી ઉપરવટ જઇ સુમેળ કરવા અને જોડવા છેલ્લાં સાત-આઠ વર્ષથી ખૂબ જ ઉદાર નીતિ અપનાવી. આ સમયમાં જ સૌથી વધુ ખોટા કોર્ટ કેસો-પજવણી ઊભી થઇ. કોઇ જાણે નહિં તેમ "પીરાણા મતને" ફરી પાછો સમાજમાં લાવવાનું કૃત્ય, એકતાના નામે ગેરમાર્ગે દોરીને કરાતું. જ્ઞાતિના ઇતિહાસ કે અગ્રણીનાં ઔચિત્યને સમજ્યા વગર લખી નિવેદનો કરી સમાજ કે અગ્રણીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનો પ્રયાસ થવો જોઇએ નહિં.

૧૨. **વિકાસ હણાતો ગયો ઉપરથી ખંધાઇ:-** સત્પંથીનાં કરતૂતોથી પાનાં ભરાય, જેનાં સમાધાનોમાં સમાજની સમયશક્તિ વેડફાઇ, જેથી વિકાસની ગતી હણાતી રહી. જે વિકાસ પ્રથમ દાયકામાં થયો તે પછીનાં વર્ષોમાં થઇ શક્યો નહિં. કાયમ ડહોળાયેલું વાતાવરણ રાખ્યું. દરેક અધિવેશનોમાં સનાતન વૈદિક હિન્દુધર્મ પાળવા નિયમો ઘડાતા રહ્યા. ગામેગામ સત્પંથ દૂર કરવામાં આવ્યો, શા માટે..? જે ગામમાં બહોળી સંખ્યામાં ધર્મ પરીવર્તન થતું ત્યાં મિલકતો તબદીલ થતી, બે પાંચ ગામમાં અધુંરૂં પરિવર્તન હોય ત્યાં સત્પંથે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા. જૂની આદતો મુજબ બનાવટી કેસો કરતા રહ્યા, વેર વધતું ગયું નફરત પેદા થતી ગઇ. તટસ્થતાથી સત્પંથના ત્રાસને માપી તો જુઓ.

૧૩. **સત્પંથીની હંમેશાં આડોડાઇ:-** સત્પંથથી અલગ થઇ ૪૦વર્ષથી કાર્યરત સનાતન સમાજને સને ૧૯૬૦માં કેન્દ્રીય સમાજમાં ભેળવી દઇ, જ્ઞાતિને એક કરવા બહુ મોટું બલિદાન સનાતનીઓએ આપ્યું. આ ઉમદા કાર્યનું વચન છતાં સત્પંથીઓએ પૂર્ણ સાથ આપ્યો જ નહિં તેઓએ કેન્દ્રીય સમાજની જ સમાંત્તર પોતાનો ચોકો અલગ રાખ્યો. જો સમાજ એક હોત, તો પીરાણાના સુધારામાં ફેર હોત અથવા સંપૂર્ણ સ્વીકાર કે અસ્વીકાર હોત.

૧૪. **સમરસતાના લીરે લીરા:-** વૈચારીકક્રાન્તિને નામે ક્યાંક ખોટી તરફદારી કરી ઉદારતાનો દંભતો નથી ને..! સત્પંથી તેમજ આપને કે મવાળોને સત્પંથીની કૂટનીતિ દેખાતી જ નથી..! પોલીસ ફરીયાદો, પજવણીઓ, કચ્છ-કંપામાં ગંભીર જૂઠી કોર્ટ કાર્યવાહી, સરકારી અડચણો, ટ્રસ્ટી-હોદ્દેદારો પર કેસો, દરેક અધિવેશનમાં ધાંધલો, સમાજ પર મનાઇ હુક્મ કરાવી બાનમાં લેવાનાં હિચકારાં કૃત્યો જેવી પરોક્ષ ખંડનાત્મક કુટીલ નીતિભર્યા વ્યવહારો, સમાજ પર લગાતાર ૧૫૦વર્ષથી સત્પંથી કરતા જ રહ્યા છે. પાછા કહે કે આતો વ્યક્તિગત છે..., અમારા કહ્યામાં નથી વગેરે...! શું આવી પરોક્ષ નીચ વૃત્તિને આ રીતે ઢાંકવી..? સત્પંથ અંગે સચ્ચાઇ કોઇ કહે, તેથી જો લાગણી દુભાતી હોય તો તેની આજ સુધી કેન્દ્રીય સમાજને ધાં કેમ કરી નહિં? જરા વિચારો...! તેનાં ઘણાં કારણમાંનું એક છે કે તેમણે કેન્દ્રીય સમાજને પોતાનો ગણી જ નથી. આવી કેટલીયે બાબતો પર આપે કે અન્યોએ કેટલી નોંધ લીધી કે લેખો લખ્યા..!

Social & Spiritual Samiti
Jayanti K. Lakdawala
Convenor
Vallabh K. Maiyat
Central PDO
Premji Keshrani
Administrator

શિક્ષણ-પ્રતિભાશોધ સામાજિક-આધ્યાત્મિક રમત-ગમત યુવા ઉત્કર્ષ પ્રચાર-પ્રસાર આરોગ્ય રાજકીય જાગૃતિ કૃષિ-પર્યાવરણ

Leadership lead with purpose
live with passion

• Education & Health • Business & Career
• Political & Leadership • Social & Spiritual

MISSION 2020 SHREE A.B.K.K.P. YUVASANGH

"જ્ઞાન, શીલ, એકતા એજ યુવાસંઘની વિશેષતા"

|| सनातन परमो धर्म ||

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR
YUVASANGH
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જી. ભુજ (કચ્છ) -૩૭૦ ૬૧૫
2010-2012

ગૌરાંગ ધનાણી : સેન્ટ્રલ પ્રેસીડેન્ટ
Kalyani Infrastructure,
Kadodara Char Rasta,
Ta. Palsana, Dist. Surat
Ph. (O) 02622 271046, (R) 271916, (Fax) 271450,
Mo. 097122 99000,
Email: gaurang009@yahoo.com

હરેશ રામાણી : જનરલ સેક્રેટરી
Laxmi Stone & Hardware Mart.
M.G. Road, Sardar Baug, Bardoli-394 602,
Dist. Surat
Ph. 02622 220711, 220830 (Telefax)
Mo. 098251 33404,
Email: hareshbardoli@yahoo.in

Office:- 381/2, Opp. Tower, B/h.H.K.Complex, Naroda Road,Saijpur, Ahmedabad- 382345. Ph.:- 079-22801565 Fax:-22841565
E-mail : kkpyuvasangh@in.com www.yuvasangh.org KKPYS Regd. No. A/3864/A'bad

૧૫. કોના સંસ્કારોનું અધ:પતન:- બેસીને ઉકેલને બદલે સમાજમાં પોલીસ લાવી હીનતાનો નગ્ન તાંડવ..! શું આવો સત્પંથ ધર્મ હોય..? પાછા સત્પંથી દલીલો કરે કે સનાતનમાં સંસ્કારો નથી, પણ તેમના કુસંસ્કારો કોણ જુએ મવાળો કે મિડિયા..? **વૈચારીક્રાન્તિએ તેને આવી કેટલી બાબતોની ટકોર કરી...?** કેન્દ્રીય સમાજે મોડો પણ લોક જાગૃતિને કારણે યોગ્ય નિર્ણય લીધો તે શું બિરદાવાય નહિં...? વૈચારીક મિડીયાએ અંગત મત કે તંત્રીલેખ પહેલાં સત્યનો તલસ્પર્શી અભ્યાસ કરવો જોઇએ. સમાજનું માન અને ગરીમા સાચવાય તે તેમની પ્રથમ ફરજ બને છે.

૧૬. પારાવાર સમાધાનો અને કલંક:- સનાતનીનું કડક વલણ કે નિવેદનોનું સમાજે કદી સમર્થન કરેલ નથી, તેમની વેદના-આક્રોશનાં કારણો અને સત્યતાની નોંધ લીધી છે. મહોત્સવ માટે કેન્દ્રીય સમાજે કોઇની સેહશરમમાં આવી મમતથી ઉતાવળીયો નિર્ણય લીધો તેવું હરગીજ નથી. સમાધાન શબ્દ પર એલર્જી થાય તેટલા પ્રયાસો થયા પણ સત્પંથીઓએ પાળ્યાં કેટલાં..! તા.૨૭-૨-૧૦ની ધરપકડની કલંકીત ઘટનાએ સૌને હચમચાવી નાખ્યા. કેન્દ્રીય વડાઓ-જ્ઞાતિજનો દિગ્મૂઢ બની ગયા. ચારેકોરથી ફીટકાર અને ધરબાયેલી નફરતની આંધી ફરી વળી. સમાજે મૂકેલા વિશ્વાસનો દ્રોહ કર્યો. આવાં અધમ હિનકૃત્યથી આકરું કદમ ઉઠાવવાની જરૂરત મહેસુસ થઇ. વૈચારીકક્રાન્તિએ કેવી નોંધ લીધી...!

૧૭. પોકળ દાવા:- સોથી વધુ વર્ષથી બધું જ અલગ છે, છતાં એક છીએની દુઆઇ આપ, બેપાંચ મવાળો, સત્પંથી આપે જ રાખો છો જે દાવા પોકળ છે. સત્પંથ સમાજે એકતા માટે કદી રસ દાખવ્યો નહિં, જો સંપ હોત તો એક ગામમાં એક જ જ્ઞાતિની બે સમાજ શા માટે..! પ્રથમ ત્યાં તો એક સમાજ કરો પછી કેન્દ્રમાં. વળી બન્નેમાં સભ્ય કઇ રીતે રહી શકાય..? વૈચારીકક્રાન્તિની ટીપ્પણી ક્યાં ગઇ.! જૈન જેવાં ઘણામાં આચરણની રીતે સમાજો જૂદી છેજ,જાણતા હશો.

૧૮. સત્પંથીને બે ઘોડે ચડવું છે:- કેન્દ્રીય અને સત્પંથ બન્ને સમાજમાં સમાંત્તર સભ્ય રહેશે તો બે પંથના સિધ્ધાંતોના આજે કે કાલે ઝઘડા થવાના જ, તેને નહિં જ રોકી શકાય. જે અનુભવે સિધ્ધ થયું છે. એક જ સમાજ રહે તે માટે કચ્છના ઘણાં ગામોએ સત્પંથ નાબૂદ કર્યો, તેવું કેન્દ્રીય સમાજમાં થવું જોઇતું હતું. શ્રધ્ધાને ઠેસ પહોંચે નહિં તે રીતે પેઢીગત બદલાવનો હેતું હશે. નેતૃત્વના અભિગમમાં એકતાના નામે ક્યાંક ઔચિત્ય ભંગ થયો. આવા તો ઘણા અખતરા થયા. પરંતુ વૈચારીકક્રાન્તિનાં માધ્યમે જ્ઞાતિને મૌલીકતાથી સમયાંત્તરે સજાગ કરવાની શું જરૂર કે ફરજ નહોતી..?

૧૯. પોતાની સમાજમાં જ જઘન્ય કૃત્ય :- આપણાં સૌનું શ્રધ્ધાનુ મંદિર ગણાય ત્યાં પોલીસ લાવી આંતકવાદી હિચકારી વૃત્તિ કરે, તો પછી જ્ઞાતિમાં બીજું શું નહિં કરતા હોય? જો સત્પંથી આ સમાજને પોતાની માનતા હોય, ત્યાં શું આવાં કૃત્ય હોઇ શકે? આનાથી મોટી કોઇ સાબિતિની જરૂર નથી. પારાકાષ્ટાની હદ થઇ ચૂકી છતાં ખૂબજ સંયમ-સમજણથી સમય આપવામાં આવ્યો ખૂબ રાહ જોવાઇ. ધીરજનો અર્થ દરેક સમયે ખોટો કરાતો. વર્ષોથી આ બધું થતું રહ્યું છે, કહેવાતા સમાજ હિતચિંતકો અને આપે કેમ કોઇ દરકાર કરી નહિં? સમાજમાં ઓછા આવવાથી આપને પૂરી જાણકારી નહિં હોય. આવી હિચકારી ભાષાને સમજવા વૈચારીકક્રાન્તિને સમાજ વહીવટથી પરીચીત થવું પડશે.

૨૦. શરમજનક નીચતા:- કેન્દ્રીય સમાજ પર કેસો, પ્રતિબંધો, સરકારી વહીવટદાર લાદવાના હિન પ્રયાસોની ખાસ ખબર નથી, થશે ત્યારે નફરત ફરી આંધીનું રૂપ ધારણ કરશે. કેસો-પરોક્ષ યુધ્ધો જેવાં ધૃણાષ્પદ નીચ કાર્યો કે બળજબરીથી લાગણી જીતી શકાય નહિં, જ્ઞાતિમાં સ્વયંભૂ નફરત ને અભાવ થઇ ચૂકયો છે. સનાતન તરફથી બિનસામાજીક વૃત્તિ કદી ઊભી કરાઇ નથી સામે પક્ષેથી નિતિમત્તાની હદ વટાવી, અધમતાની હલકી પાયરી સુધી જતાં તેમને જરા પણ સંસ્કારો આડે નથી આવ્યા. હવે સનાતની પગલા ભરશે તો વૈચારીકક્રાન્તિવાળા જ કહેશે કે આ રીત યોગ્ય નથી.

૨૧. ઠરોવો એજ પણ બીજું શું ભૂલાયું:- દરેક અધિવેશનો, કેન્દ્રીય સમાજના ૫૦-૬૦ વર્ષના નિયમો-ઉદ્દેશ્યો હતા તેમાં નવા શબ્દોથી સ્પષ્ટ થતુ હશે પણ જૂનો જે મૂળ શંદેશ હતો તે જ આજે થાય છે. સત્પંથ શું છે શા માટે નવી સમાજ રચવી પડી તે દોઢ-બે વર્ષથી બોલતા થયા તેમાંતો આપ કે મવાળો અને સત્પંથી અગ્રણી કાગારોળ મચાવો છો. પણ વર્ષોથી ચાલતી તેની નીચતા તમે શું ભૂલી ગયા..? છતાં સનાતનીએ એકતા માટે બધું જ સહન કરતા ચૂપ હતા.

૨૨. સનાતનીનો આંતરીકભાવ કોણ સમજે:-સત્પંથ બૌધિકોને વિનંતી, આ લેખ વારંવાર વાંચે, ચિંતન કરે, સમજે. આપે જન્મથી એક બાજુનું જ સાંભળ્યું છે. અમારી વેદના, પીડા, દર્દને તમે સત્પંથી નથી તે ભાવથી શાણોવર્ગ સમજે. બધાં એજ હતાને શા માટે છોડ્યું..? તમને કોઇ ખોટો રાહ તો નથી ચીંધતુંને..? સમાજની સભાઓનો અભ્યાસ કરો વર્ષોથી કલાકો સુધી સત્પંથ મુદ્દે કેમ વિવાદો ચાલ્યા...! સત્પંથ છોડવો તે નિતી છતાં સિધ્ધાંતોથી હટી બધું જ કર્યું, સમજવા ૨૨૭વર્ષ જેટલો સમય વિનવણીઓ અને સમાધાનની અઢળક તકો અપાઇ. હજુ એ જ પ્રક્રિયા ચાલે છે. અજંપાભરી સ્થિતિ કે આંધાધૂંધીનો કોઇ માહોલ નથી તમારા લેખોથી સમાજની પ્રતિષ્ઠાને હાની જરૂર પહોચી છે માનો કે નાં માનો!

૨૩. સામાજીકતાનો છેદ ઉડશે:- યુવાસંઘનો અંગૂલીનીર્દેશ છે કે ભવિષ્યમાં સત્પંથવાળા હિન્દુત્વની ઓથ હેઠળ નવો ચોકો ઊભો કરી પરોક્ષ રીત ઊભી કરશે. આમ વિખવાદ રહ્યા જ કરશે. બહોળા વર્ગમાં લાગણી ભાવથી ભળી જવું તે જ વાસ્તવિક કહેવાય. હકીકતની વાસ્તવિકતાથી ભાગવું કે અનદેખી કરવી તે યોગ્ય નથી જ.

Social & Spiritual Samiti
Jayanti K. Lakdawala, Convenor
Vallabh K. Maiyat, Central PDO
Premji Keshrani, Administrator

શિક્ષણ-પ્રતિભાશોધ · સામાજિક-આધ્યાત્મિક · રમત-ગમત · યુવા ઉત્કર્ષ · પ્રચાર-પ્રસાર · આરોગ્ય · રાજકીય જાગૃતિ · કૃષિ-પર્યાવરણ

Leadership lead with purpose
live with passion

• Education & Health • Business & Career
• Political & Leadership • Social & Spiritual

MISSION 2020
SHREE A.B.K.K.P. YUVASANGH

"જ્ઞાન, શીલ, એકતા એજ યુવાસંઘની વિશેષતા"

|| सनातन परमो धर्म ||

ગૌરાંગ ધનાણી : સેન્ટ્રલ પ્રેસીડેન્ટ
Kalyani Infrastructure,
Kadodara Char Rasta,
Ta. Palsana, Dist. Surat
Ph. (O) 02622 271046, (R) 271916, (Fax) 271450,
Mo. 097122 99000,
Email: gaurang009@yahoo.com

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR
YUVASANGH
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ
2010-2012
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જી. ભુજ (કચ્છ) -૩૭૦ ૬૧૫

હરેશ રામાણી : જનરલ સેક્રેટરી
Laxmi Stone & Hardware Mart,
M.G. Road, Sardar Baug, Bardoli-394 602,
Dist. Surat
Ph. 02622 220711, 220830 (Telefax)
Mo. 098251 33404,
Email: hareshbardoli@yahoo.in

Office:- 381/2, Opp. Tower, B/h.H.K.Complex, Naroda Road,Saijpur, Ahmedabad- 382345. Ph.:- 079-22801565 Fax:-22841565
E-mail : kkpyuvasangh@in.com www.yuvasangh.org KKPYS Regd. No. A/3864/A'bad

૨૪. **શાંતિ એ ઉકેલ નથી:-** કોઇ વિભાગ કે પટ્ટીમાં સંપ-શાંતિ હોય તે ઉકેલ નથી. અન્ય જ્ઞાતિ પણ સંપથી સાથે રહે છે, તો શું સમાજમાં ભેળવી શકાશે? પૂર્વજોએ સત્પંથમાં જ સુધારો કેમ ન કર્યો, શા માટે સમાજ તોડી?આપણે પણ વર્ષોપૂર્વે મૂળ ધર્મમાં કેમ પરત ફર્યા.. વિચારો..! જે હિન્દુની ગૌરવતા, ઉસુલો અને સિધ્ધાંતોનો પ્રશ્ન છે. પૂર્વજોનાં સોંપેલ કાર્ય પર વિશ્વાસઘાત કરી, આપશ્રી કે અન્યો ફરી એકતાની બાલીસ વાતો વડે સમાજની દીશા બદલો નહિં.

૨૫. **મવાળો અને આપનું મુખપત્રના સર્વેનું વજુદ કે ઉંડાણ કેટલું:-** ડીજીટલ યુગમાં, ઇમેલ, એસએમએસ જેવાં માધ્યમે પત્રોનાં સ્થાનો લઇ લીધાં, તેથી પત્રથી વિરોધ કરવાનું ઘણાને આળસ હોય. સત્પંથ માટે અસ્તીત્વનો સવાલ હોવાથી ગમે તેનાં નામે તેઓ આ બધું કરે, પત્રો લખે. તેથી આપનું મૂલ્યાંક્ન સાચો આંક નાં આપી શકે. સામાન્ય બહોળો વર્ગ વિરોધ દર્શાવતો પત્ર લખે કે બીજી ઝંઝટમાં પડે પણ નહિં. સમાજ માટે દર્દ કેટલાને હોય.! કે જે ગમે તેવાં દુ:ખો વેઠી, ગાંઠના ખર્ચી **અપજશના ભોગે આગળ આવે**. કેસરા પરમેશ્વરા, નારાયણ બાપા, રતનસીબાપા કે સરદાર પટેલ, ગાંધી, કોઇ પ્રતાપ, શીવાજી, રાની લક્ષ્મીબાઇ કે ગુરૂ ગોવિંદસિંહ જેવા સમપિર્તનું કામ છે. આવા પાગલો જ ભેખ લઇ,કફન બાંધી **સાચીધારા કે એક્તા માટે મથે** છે. આવાં બલિદાનોને સમજવાની દ્રષ્ટિ કેટલા કેળવી શકે...?

૨૬. **સત્યથી વેગળી વાતો ને સમજપૂર્વકની ટીકા:-** એપ્રિલ અંકના પાંચ મુદ્દામાં સ્વીકાર પણ કર્યો તેમાં જ તમારો જવાબ આવી જાય છે. તેમ છતાં આદર્શની વાતો લખી તમે પોતે જ ગેરમાર્ગે દોરાયા છો. પરીવારો, મેડીકોઝ, ટેક્નોક્રેટ, સારસ્વત જેવા બૌધિકો આ બાબતથી અળગા છે જે આપનું લખાણ સત્યથી વેગળું છે. સમાજનો ઇતિહાસ અને વિચારધારા સ્પષ્ટ કરતું અદભૂત નાટક રજૂ કરી સૌની આંખ ઉઘાડી નાખી તે સારસ્વત પરિવાર જ હતો. તેને ટાંકીને આપની સત્યતા પર આપે જ પ્રશ્ન કરેલ છે. ટીકા-ટીપ્પણી નથી કરવી તેવું લખી,તમે સમાજને સમજ્યા જાણ્યા વગર હ્મેશાં સમજણ પૂર્વક ટીકા કરતા રહ્યા છો. જે આપનો અંગત મત હોય તેવું જણાય છે. શું સામાજીક સંગઠન વિશે લખતાં પહેલાં ગંભીરતા દાખવવી જરૂરી નથી...? તકસાધુ તેનો ખોટો લાભ ઊભો કરે છે.

૨૭. **આપની આદત તેમજ ભળતા વ્યક્તિના અનુમાનો પર મદાર:-**જેના ભરોંસે સમાજની મર્યાદા ઓળંગી ફક્ત તમારા જ વિચારો-માન્યતાને થોપવામાં આવે તે દુ:ખ જનક છે. આપનાં માધ્યમનો યોગ્ય ઉપયોગ કરવા ખાસ ધ્યાન દોરવામાં આવે છે. આપના લેખોમાં ભળતું બધી બાજુથી લખવાની આદત કે દ્રષ્ટિકોણથી સમાજને હાની પહોંચે છે. પછી કોઇ ઘટના ઘટે ત્યારે અગાઉ આમ કીધેલ તેવા ભળતા અર્થ કરી વૈચારીકક્રાન્તિના નામે દાવો કરતી આપની જૂની ટેવને આજનો બુધ્ધિશાળી વર્ગ સમજી ચૂકયો છે. પોતાનું જ અનુમોદન કરવું તે નરવી બાલિસતા છે. આ પ્રશ્ન ફક્ત સત્પંથી જ્ઞાતિજનો સાથેનો હોઇ સત્પંથ સનાતન વિવાદ તેવો શબ્દ પ્રયોગ કદી કરવો નહિં. સત્પંથ (અંધશ્રધ્ધા)ની તરફદારી, એ પૂર્વજોના આદેશનું ઉલંઘન છે, પૂર્વજોનો અને સમાજનો દ્રોહ છે. આને શું વૈચારીકક્રાંતિનું માધ્યમ કહેવાય...?

૨૮. **મવાળોનું અને આપનું દરેક બાજુથી આંધળાપણું:-**સનાતની આકરૂં બોલે કે સ્પષ્ટ વર્તે તેને જ ભાંડી ખોટી લાગણી જીતવાનો પ્રયાસ સમાજને વધુ તોડે છે. સત્પંથીને પણ નૂકશાન કરે છે જે સમજ તેમનામાં નથી. તેની ચિંતા કોણ કરે.? વાસ્તવિક્તા શું છે તેની સમજણ છતાં હોંશીયારી પૂર્વક મચેડી સારી ઘટનાને નકારાત્મ લખી કે બોલી આદર્શની ડાહી ઊંચી વાતો ઘણા કરી શકે. ભળતા સમૂહમાં ખોટી વાતોથી હાવી થઇ, વળી ખંડન કરનારા કોઇ હોય નહિં તેથી પોતે જ સાચા, તેનાથી તો કદી ઉકેલ સાધી શકાતો નથી. ઘણાંને ભોળવી કે આંજી જરૂર શકાય. જે સમાજ માટે ઘોર પાપ છે. હકીકત(**Merit**) આધારીત તટસ્થતાથી સમાજને યોગ્ય રાહ ચીંધવો તે જ ખરી અગ્નિ પરીક્ષા છે.

સર્વે ભવન્તું સુખીન:, સર્વે સંન્તુ નિરામયા:.
સર્વે ભદ્રાણી પસ્યન્તું મા કશ્ચિત દુ:ખ ભાગ ભવેત.
ઑમ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

લિ.

સેન્ટ્રલ પ્રેસીડેન્ટ   જનરલ સેક્રેટરી   ક્ન્વીનર, (સામાજીક અને આધ્યાત્મિક સમિતિ)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ

Social & Spiritual Samiti

Jayanti K. Lakdawala
Convenor

Vallabh K. Maiyat
Central PDO

Premji Keshrani
Administrator

શિક્ષણ-પ્રતિભાશોધ   સામાજિક-આધ્યાત્મિક   રમત-ગમત   યુવા ઉત્કર્ષ   પ્રચાર-પ્રસાર   આરોગ્ય   રાજકીય જાગૃતિ   કૃષિ-પર્યાવરણ

Leadership lead with purpose
live with passion

• Education & Health • Business & Career
• Political & Leadership • Social & Spiritual

MISSION 2020
SHREE A.B.K.K.P. YUVASANGH

''જ્ઞાન, શીલ, એકતા એજ યુવાસંઘની વિશેષતા''